# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે યોજાયેલ તમિલનાડુ રાજ્યના ખેડુતોનો બે દિવસીય પુરસ્કૃત તાલીમ કાર્યક્રમ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે આત્મા પ્રોજેક્ટ, કૃષિ અને સહકાર વિભાગ, તમિલનાડુ દ્વારા લાવવામા આવેલ ૬૦ ખેડુતો અને ૬ કર્મચારીઓનો બે દિવસીય પુરસ્કૃત તાલીમ કાર્યક્રમ તારીખ ૧૩-૯-૨૦૧૬ અને ૧૪-૯-૨૦૧૬ ના રોજ આયોજીત કરવામા આવેલ. આ કાર્યક્રમમા પ્રથમ દિવસે ડૉ. ચેતન દેસાઇ (વૈજ્ઞાનિક, એગ્રોનોમી, કે.વી.કે, અરણેજ) દ્વારા ખેડુતોને ડાંગરની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને સોઇલ હેલ્થ કાર્ડ વિશે વિસ્તારથી સમજ આપવામાં આવેલ. ડૉ. જીગર પટેલ (વૈજ્ઞાનિક, પશુ વિજ્ઞાન, કે.વી.કે, અરણેજ) દ્વારા ડેરી ઉદ્યોગના વ્યવસ્થાપન વિશે વિસ્તારથી સમજ આપવામાં આવેલ. ઇજ. દેવાણંદ ગોજીયા (વૈજ્ઞાનિક, કૃષિ ઇજનેર, કે.વી.કે, અરણેજ) દ્વારા વરસાદી પાણીના સંગ્રહ અને તેના કાર્યક્ષમ ઉપયોગ વિશે વિસ્તારથી સમજ આપવામાં આવેલ ત્યારબાદ શ્રી. કે. એન. રાણા (ફાર્મ મેનેજર, કે.વી.કે, અરણેજ) એ ખેડુતોને કે.વી.કેના ફાર્મની મુલાકાત કરાવી તેની વિસ્તારથી માહીતી આપેલ. આ કાર્યક્રમના બીજા દિવસે આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે પ્રેરણા પ્રવાસના ભાગ રૂપે એગ્રોનોમી ફાર્મ પર ડૉ. એચ. કે. પટેલ દ્વારા જુદા જુદા સેન્દ્રીય ખાતરોની બનાવટ અને તેના ઉપયોગ વિશે વિસ્તારથી સમજ આપેલ ત્યારબાદ તેઓને અમુલ ડેરી, આણંદની મુલાકાત કરાવવામા આવેલ.



૧. ખેડુતોને સોઇલ હેલ્થ કાર્ડ વિશે સમજ આપતા ડૉ. ચેતન દેસાઇ (વૈજ્ઞાનિક, એગ્રોનોમી, કે.વી.કે, અરણેજ)




૨. ખેડુતોને ડેરી ઉદ્યોગના વ્યવસ્થાપન વિશે સમજ આપતા ડૉ. જીગર પટેલ (વૈજ્ઞાનિક, પશુ વિજ્ઞાન, કે.વી.કે, અરણેજ)




૩. ખેડુતોને વરસાદી પાણીના સંગ્રહ અને તેના કાર્યક્ષમ ઉપયોગ વિશે સમજ આપતા ઇજ. દેવાણંદ ગોજીયા (વૈજ્ઞાનિક, કૃષિ ઇજનેર, કે.વી.કે, અરણેજ)



૪. ખેડુતોને કે.વી.કેના ફાર્મની મુલાકાત કરાવતા શ્રી. કે. એન. રાણા (ફાર્મ મેનેજર, કે.વી.કે, અરણેજ)




૫. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સ્ટાફ સાથે તમિલનાડુના ખેડુતો અને અધિકારીઓ